| | | | |
|---|---|---|---|
| **દાખલ તારીખ** | ૧૧/૧૧/૨૦૨૨ | | |
| **રજુ તારીખ** | ૧૧/૧૧/૨૦૨૨ | | |
| **ફેસલ તારીખ** | ૨૭/૦૨/૨૦૨૩ | | |
| **સમયગાળો** | **વર્ષ** | **મહીનો** | **દિવસ** |
| | | | |

**ધાનપુરના પ્રિન્સીપાલ સીવીલ જજ અને જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસની કોર્ટમાં.**

**ફોજદારી કેસ નં. ૮૬૭/૨૦૨૨**

**ધાનપુર પો. સ્ટે. ગુ. રજી. નં. ૧૧૮૨૧૦૧૪૨૨૦૦૪૫/૨૦૨૨**

**આંકઃ-૧૯**

ફરીયાદી::- નામદાર સરકાર

વિરૂધ્ધ

આરોપી::- ૧. હસનાભાઇ મગનભાઇ મોહનીયા

૨. રાજુભાઇ હસનાભાઇ મોહનીયા

૩. કેશનભાઇ હસનાભાઇ મોહનીયા

તમામ રહે. સજોઇ, ઉચવાસ ફળીયુ, તા. ધાનપુર, જિ. દાહોદ.

એડવોકેટ::-

ફરીયાદ પક્ષે વિ.એ.પી.પી. શ્રી. એલ. કે. ખરાડી

આરોપી તરફે વિ.વ.શ્રી. એન. બી. ચૌહાણ

**ગુનોઃ- ઇન્ડીયન પીનલ કોડની કલમ-૩૨૩, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ તથા જી. પી. એકટની કલમ-૧૩૫ મુજબ**

**-:: જજમેન્ટ ::-**

(૦૧) ફરીયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, ગઇ તા. ૨૬/૦૧/૨૦૨૨ ના રોજ કલાક ૨૧/૦૦ વાગે મોજે સજોઇ ગામે ફરીયાદી તેમના ખેતરમાંથી પરત તેમના ઘરે જતાં

હતાં તે સમયે આરોપી હસનાભાઇએ ફરીયાદીને જમીન બાબતે ગાળો આપી તેમજ આરોપી રાજુભાઇ અને કેશનભાઇએ ફરીયાદીને ગળેથી પકડી ગડદાપાટુનો માર મારી તેમજ અન્ય સાહેદો આવી જતાં સાહેદ ભોપત, અજમેલ, બાલીબેન તથા રેશમબેનને તમામ આરોપીઓએ ગાળો આપી જાનથી મારી નાંખવાની ધમકી આપી ગુનો કરવામાં એકબીજાને મદદગારી કરી તથા મહે. કલેકટર સાહેબના જાહેરનામાનો ભંગ કરી ગુનો કરેલ છે. જેથી આ બાબતની ફરીયાદ આ કામના ફરીયાદીએ ધાનપુર પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવેલ છે.

(૦૨) સદર કામે ફરીયાદીની ફરીયાદ ધાનપુર પોલીસ સ્ટેશને ગુન્હા રજીસ્ટર નંબર–૧૧૮૨૧૦૧૪૨૨૦૦૪૫/૨૦૨૨ થી નોંધી તેની તપાસ હાલના તપાસ કરનાર અમલદારશ્રીને આપતાં તેઓએ તપાસના કામે ગુનાવાળી જગ્યાનુ પંચનામુ તથા જરૂરી સાહેદોના નિવેદનો નોંધી, તપાસના અંતે આરોપીઓની વિરૂધ્ધ ફરીયાદવાળી ગુન્હાના કામે પુરતા પુરાવા પડતાં હોય તે બદલનું ઇન્ડીયન પીનલ કોડની કલમ–૩૨૩, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ તથા જી. પી. એકટની કલમ–૧૩૫ મુજબની ચાર્જશીટ ફાઇલ કરતાં હાલના કામની ગુનાની ઇન્સાફી કાર્યવાહી માટેના સમન્સ કાઢવામાં આવતાં આરોપીઓ તેમના વિ. વકીલશ્રી સાથે અદાલત રૂબરૂ ઉપસ્થિત થતાં ક્રિ. પ્રો. કોડની કલમ ૨૦૭ મુજબ આરોપીઓને પોલીસ તપાસના કાગળોની નકલો વિના મુલ્યે આપવા બદલની ખાત્રી કર્યા બાદ આરોપીઓની સામે ક્રિ. પ્રો. કોડમાં કરવામાં આવેલી જોગવાઇ મુજબ સદર કેસ વોરંટ ટ્રાયેબલની રીતે ચલાવી આરોપીઓની સામે ક્રિ.પ્રો. કોડની કલમ–૨૪૦ મુજબ આંક–૦૭ થી તહોમતનામુ ફરમાવી ક્રિ.પ્રો. કોડની કલમ–૨૪૦(૨) મુજબ આરોપીઓને તહોમતનામુ વાંચી સમજાવી તથા સંભળાવીને આંક–૦૮ થી આંક–૧૦ સુધી આરોપીઓનું સ્ટેટમેન્ટ યાને નિવેદન રેકર્ડ કરતાં તેઓએ તેમની સામેના ગુનાનો ઇન્કાર કરતાં આ કામ ફરીયાદ પક્ષના પુરાવા રજુ કરવા માટે રાખવામાં આવેલ છે.

(૦૩) આ કામે ફરીયાદ પક્ષ તરફે ઉપરોકત પુરાવાઓ રજુ કરવા માટે રાખવામાં આવેલ જેમાં ફરીયાદ પક્ષ તરફે નીચે મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા રજુ કરેલ છે.

**–//મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા//–**

| ક્રમ | આંક | વિગત. |
|---|---|---|

| | | |
|---|---|---|
| ૧ | ૧૨ | ફરીયાદી નરવતભાઇ છગનભાઇ મોહનીયાનાઓની સોગંધ ઉપરની જુબાની |
| ૨ | ૧૩ | ફરીયાદ |
| ૩ | ૧૪ | સાહેદ અજમેલભાઇ ભોપતભાઇ મોહનીયાનાઓની સોગંધ ઉપરની જુબાની |
| ૩ | ૧૫ | સાહેદ ભોપતભાઇ અજમેલભાઇ મોહનીયાનાઓની સોગંધ ઉપરની જુબાની |
| ૪ | ૧૬ | ગુનાવાળી જગ્યાનું પંચનામુ |
| ૫ | ૧૭ | આરોપીઓનું અટક પંચનામુ |

ત્યારબાદ ફરીયાદ પક્ષ તરફે ત્યારબાદ આંક-૧૮ થી કલોજીંગ પુરસીસ આપી પુરાવો પુર્ણ થયેલાનું જાહેર કરેલ છે. ત્યારબાદ આ કામના આરોપીઓના વધારાના નિવેદન માટે રાખવામાં આવેલ પરંતુ ક્રિ.પ્રો. કોડની કલમ-૩૧૩ મુજબ આરોપીઓનું વધારાનું નિવેદન રેકર્ડ કરવા પાત્ર પુરાવો ઉપલબ્ધ ન હોય આરોપીનું વધારાનું નિવેદન રેકર્ડ કરવામાં આવેલ નથી. ત્યારબાદ બંને પક્ષકારોના વિ.વકીલશ્રીઓની દલીલો સાંભળેલ છે.

(૦૪) આ કામે ફરીયાદ પક્ષ તરફે તથા આરોપી તરફેના વિ. વકીલશ્રી દ્વારા કરવામાં આવેલ દલીલો, ફરીયાદ તથા રેકર્ડ ઉપર આવેલા પુરાવાઓ વંચાણે લેતાં આ ફરીયાદના નિર્ણય અર્થે મારી સમક્ષ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થયેલ છે.

**-:: મુદ્દાઓ ::-**

(૧) શું ફરીયાદ પક્ષ એ હકીકત નિઃશંકપણે પુરવાર કરે છે કે ગઇ તા. ૨૬/૦૧/૨૦૨૨ ના રોજ કલાક ૨૧/૦૦ વાગે મોજે સજોઇ ગામે ફરીયાદી તેમના ખેતરમાંથી પરત તેમના ઘરે જતાં હતાં તે સમયે આરોપી હસનાભાઇએ ફરીયાદીને જમીન બાબતે ગાળો આપી તેમજ આરોપી રાજુભાઇ અને કેશનભાઇએ ફરીયાદીને ગળેથી પકડી ગડદાપાટુનો માર મારી તેમજ અન્ય સાહેદો આવી જતાં સાહેદ ભોપત, અજમેલ, બાલીબેન તથા રેશમબેનને તમામ આરોપીઓએ ગાળો આપી જાનથી મારી નાંખવાની ધમકી આપી ગુનો કરવામાં એકબીજાને મદદગારી કરી તથા મહે. કલેકટર સાહેબના જાહેરનામાનો ભંગ કરી ઇન્ડીયન પીનલ કોડની કલમ-૩૨૩, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ તથા જી. પી. એકટની કલમ-૧૩૫ મુજબનો સજાને પાત્ર ગુન્હો કરેલ છે?

(૨) શું હુકમ?

(૫) ઉપરોકત મુદ્દાઓના મારા મત મુજબ નિર્ણય તથા કારણો નીચે મુજબ છે.

(૧) નકારમાં.

(૨) આખરી હુકમ મુજબ.

**<u>-:: કારણો ::-</u>**

**<u>મુદ્દા નં.-૧ અને ૨ ::-</u>**

(૦૬) કોઈ પણ ફોજદારી પ્રકીયાની શરૂઆત અને ટ્રાયલ ચલાવવામાં આવે છે ત્યારે સામાન્ય રીતે બે પ્રકારના અનુમાન સાથે ટ્રાયલ ચલાવવામાં આવતી હોય છે જેમાં આરોપીને ક્રિમીનલ જયુરીસપ્રુડન્સ મુજબ જયાં સુધી આરોપીની સામેનું આક્ષેપ કર્યા મુજબનું તહોમત પુરવાર ન થાય ત્યાં સુધી આરોપીએ ગુન્હો ન કરેલ હોવાનું માની આરોપીએ કરેલ ગુનામાંથી તેઓ નિર્દોષ છે તેવું અનુમાન કરવામાં આવે છે અને આરોપી વિરૂધ્ધ કરવામાં આવતાં આક્ષેપો નિઃશંકપણે પુરવાર કરવાની જવાબદારી ફરીયાદ પક્ષની હોય છે, જે કાંઈ પણ સમયે ઓછી થતી નથી. તેની સાથે સાથે જ સાહેદો કોર્ટમાં આવીને જુબાની આપતાં હોય, તે કોર્ટમાં સાચુ બોલતાં હોય, તેવા અનુમાન સાથે ફોજદારી પ્રકરણમાં ન્યાયિક વિશ્લેષણ કરવાનું હોય છે. આપણી માનનીય સર્વોચ્ચ ન્યાયાલયે જુદા જુદા ચુકાદામાં પુરાવાનું વિશ્લેષણ કરવાનું માર્ગદર્શન આપેલ છે. **લેખરાજ વિરૂધ્ધ હિમાચલ પ્રદેશ તેમજ અનીસીંગ વિરૂધ્ધ સ્ટેટ ઓફ યુ. પી.ના ચુકાદામાં** માનનીય સર્વોચ્ચ અદાલતે આપણા દેશની ભૌગોલીક, આર્થિક, સામાજિક પરિસ્થિતિને અનુલક્ષીને સાહેદની જુબાનીનું વિશ્લેષણ કેવી રીતે કરવું જોઇએ તે બાબતે માર્ગદર્શન આપેલ છે અને તે માર્ગદર્શન આપતાં માનનીય સર્વોચ્ચ અદાલતે એવી ટકોર કરેલ છે કે, એક અદાલતે બે પ્રકારની જવાબદારી નીભાવવાની હોય છે. પ્રથમ પ્રકારની જવાબદારીમાં અદાલતે એ જોવાનું હોય છે કે, કોઈ પણ નિર્દોષ માણસને સજા ન થાય પરંતુ તેની સાથે સાથે અદાલતે એ પણ જોવાનું હોય છે કે, એક ગુનેગાર તેણે કરેલ ગુનાહીત કૃત્યુમાંથી છટકી જવો ન જોઇએ. સર્વોચ્ચ ન્યાયાલયે એવી પણ ટકોર કરેલી છે કે, જયારે સાહેદ કોર્ટમા જુબાની આપતાં હોય છે ત્યારે તેઓ સામાન્ય રીતે સબળ મનોબળ ધરાવતાં હોતાં નથી અને કાયદાની

આંટીઘુટીથી પરિચિત હોતા નથી, આવા સંજોગોમાં તેઓ ઘણી વખત પોતાની જુબાનીમાં વિરોધાભાસ, અસંગતતા અને અતિરેક પેદા કરતાં હોય છે અને તેના કારણે જો ફરીયાદ પક્ષના કેસ ઉપર કોઇ વિપરીત અસર પડતી ન હોય તો તે અસંગતતા, વિસંગતતા અને અતિરેક દરગુજર કરવા જોઇએ. પરંતુ આવા અતિરેક, વિસંગતતાના કારણે ફરીયાદ પક્ષના કેસના મુળને અસરકર્તા હોય તો તેનો લાભ આરોપીને મળવો જોઇએ.

(૦૭) હાલના કામે આરોપીની સામે આક્ષેપ કરવામાં આવેલ ગુન્હો તથા તે અન્વયે કરવામાં આવેલ ચાર્જશીટ તથા નિર્માણ કરવામાં આવેલ સાબિત કરવાનો મુદ્દો વંચાણે લઇએ તો તે ઇ.પી.કો.ની કલમ-૩૨૩, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ તથા જી. પી. એકટની કલમ-૧૩૫ મુજબના ગુન્હાનું તહોમત મુકવામાં આવેલ છે જેથી આરોપીઓની સામેનું તહોમત નિઃશંકપણે પુરવાર કરવા માટે ફરીયાદ પક્ષ તરફે સૌ પ્રથમ આ કામના આરોપી હસનાભાઇએ ફરીયાદીને જમીન બાબતે ગાળો આપી તેમજ આરોપી રાજુભાઇ અને કેશનભાઇએ ફરીયાદીને ગળેથી પકડી ગડદાપાટુનો માર મારી તેમજ અન્ય સાહેદો આવી જતાં સાહેદ ભોપત, અજમેલ, બાલીબેન તથા રેશમબેનને તમામ આરોપીઓએ ગાળો આપી જાનથી મારી નાંખવાની ધમકી આપી ગુનો કરવામાં એકબીજાને મદદગારી કરી તથા મહે. કલેકટર સાહેબના જાહેરનામાનો ભંગ કરેલ હોવાની હકીકત શંકા રહિત પુરવાર કરવી જોઇએ.

(૦૮) આમ ઉપરોકત કરેલ ચર્ચાને ધ્યાને રાખી આ કામે ચર્ચાઓનું પુનરાવર્તન ન થાય તેવા હેતુથી મુદ્દાઓની ચર્ચા એક સાથે કરવામાં આવેલ છે. આ કામે ફરીયાદ પક્ષે આરોપીની સામેનો કેસ નિઃશંકપણે પુરવાર કરવા માટે **આ કામના ફરીયાદી નરવતભાઇ છગનભાઇ મોહનીયાનાઓને આંક-૧૨ થી સોગંધ ઉપર તપાસવામાં આવેલા છે.** તેઓએ તેમની સોગંધ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે બનાવ આજથી આશરે એક વર્ષ પહેલા બનેલો. બનાવમાં તેઓની આ કામના આરોપીઓ સાથે જમીન બાબતે સામાન્ય બોલાચાલી થયેલી. તેમજ બોલાચાલી થવાથી ઘણાં બધા માણસો ભેગા થઇ ગયેલા અને તેમાં નાસભાગ થવાથી તેઓને સામાન્ય ઇજા થયેલી. તેમજ તેઓએ આવેશમાં આવી ધાનપુર પો.સ્ટે.માં બનાવની ફરીયાદ આપેલી જેમાં તેઓની સહિ છે. તેમજ આરોપીઓ તેઓના કુંટુંબી થતાં હોય તેઓ તેમને ઓળખે છે તેવું જણાવે છે. આમ, ફરીયાદીએ પોતાની ફરીયાદ અનુરૂપ જુબાની આપેલ ન હોય

ફરીયાદ પક્ષ તરફે એ. પી. પી. શ્રી એ સદર ફરીયાદીને ભારતીય પુરાવા અધિનિયમની કલમ–૧૫૪ મુજબ ફરી ગયેલા સાહેદ તરીકે જાહેર કરી તેઓની ઉલટતપાસ કરવાની પરવાનગી માંગતા તે મંજુર કરવા છતાં ઉલટતપાસ થકી ફરીયાદ પક્ષને સમર્થન મળી શકે તેવી કોઇ હકીકત રેકર્ડ પર આવી શકેલ નથી.

**વધુમાં આ કામના ફરીયાદીની આરોપી દ્વારા ઉલટતપાસ કરવામાં આવેલ છે.** જેમાં સદર ફરીયાદી એ વાત ખરી હોવાનું જણાવેલ છે કે બનાવ સમયે સામાન્ય બોલાચાલી થયેલી. તે સિવાય બીજુ કાંઇ બનેલ નહી. તેમજ એ વાત ખરી હોવાનું જણાવે છે કે તેઓએ ઉશ્કેરાટમાં આવી ફરીયાદ આપેલી. તેમજ એ વાત ખરી હોવાનું જણાવે છે કે પોલીસે તેઓને ફરીયાદ વાંચી સંભળાવેલ નહી.

(૦૯) **ત્યારબાદ ફરીયાદ પક્ષે આ કામના સાહેદ અજમેલભાઇ ભોપતભાઇ મોહનીયાનાઓને આંક–૧૪ થી તથા સાહેદ ભોપતભાઇ અજમેલભાઇનાઓને આંક–૧૫ થી સોગંધ ઉપર તપાસવામાં આવેલા છે.** તેઓએ તેમની સોગંધ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે બનાવ આજથી આશરે એક વર્ષ પહેલા બનેલો. બનાવમાં તેઓની આ કામના આરોપીઓ સાથે જમીન બાબતે સામાન્ય બોલાચાલી થયેલી. તેમજ બોલાચાલી થવાથી ઘણાં બધા માણસો ભેગા થઇ ગયેલા અને તેમાં નાસભાગ થવાથી નરવતભાઇને ઈજા થયેલી. તેમજ આવેશમાં આવી નરવતભાઇએ બનાવની ફરીયાદ આપેલી. તેમજ પોલીસે તેઓની પુછપરછ કરેલી. તેમજ આરોપીઓ તેમના કુટુંબી થતાં હોય તેઓ તેમને જોયેથી ઓળખે છે તેવું જણાવે છે. આમ, સદર સાહેદે પોતાના પોલીસ રૂબરૂના નિવેદન અનુરૂપ જુબાની આપેલ ન હોય ફરીયાદ પક્ષ તરફે એ. પી. પી. શ્રી એ સદર સાહેદને ભારતીય પુરાવા અધિનિયમની કલમ–૧૫૪ મુજબ ફરી ગયેલા સાહેદ તરીકે જાહેર કરી તેઓની ઉલટતપાસ કરવાની પરવાનગી માંગતા તે મંજુર કરવા છતાં ઉલટતપાસ થકી ફરીયાદ પક્ષને સમર્થન મળી શકે તેવી કોઇ હકીકત રેકર્ડ પર આવી શકેલ નથી.

**વધુમાં આ કામના બંને સાહેદની આરોપી દ્વારા ઉલટતપાસ કરવામાં આવેલ છે.** જેમાં સદર બંને સાહેદ એ વાત ખરી હોવાનું જણાવેલ છે કે બનાવ સમયે સામાન્ય

બોલાચાલી થયેલી. તે સિવાય બીજુ કાંઇ બનેલ નહી. તેમજ એ વાત ખરી હોવાનું જણાવે છે કે પોલીસે ફકત તેઓનુ નામ સરનામુ પુછેલ તે સિવાય કશુ પુછેલ નહી.

(૧૦) **વધુમાં ફરીયાદ પક્ષે હાલના કામે આંક–૧૫ થી ગુનાવાળી જગ્યાનું પંચનામુ તથા આંક–૧૬ થી આરોપીઓનું અટક પંચનામુ રજુ કરવામાં આવેલ છે** અને તે દસ્તાવેજો આરોપી તરફે એડમીટ કરવામાં આવેલ છે પરંતુ હાલના કામે સોગંધ ઉપર તપાસવામાં આવેલ સાહેદોની સોગંધ ઉપરની જુબાની થકી ફરીયાદને સમર્થન મળતું ન હોવાથી તે દસ્તાવેજો આંકે પડી ગયેલ હોવા છતાં પુરવાર થયેલા માની શકાય તેમ નથી.

(૧૦) આ ઉપરાંત ક્રિમીનલ જયુરીસપ્રુડન્સ મુજબ આરોપીઓ સામે આક્ષેપાયેલ તહોમત ફરીયાદ પક્ષે નિઃશંકપણે સાબિત કરવુ પડે એટલે કે શંકા રહીત પુરાવો આપવો પડે અને જો ફરીયાદ પક્ષ તે સાબિત ન કરી શકે તો આરોપીને શંકાનો લાભ મળવો જોઇએ. જેથી હાલના કામે આરોપીઓએ ફરીયાદી તથા સાહેદોને સ્વેચ્છાપુર્વકની વ્યથા કરી ગાળો બોલી જાનથી મારી નાંખવાની ધમકી આપેલ હોવાની હકીકત તથા મહે. કલેકટરશ્રીના જાહેરનામાનો ભંગ થયેલાની હકિકત પણ પુરવાર કરવી પડે જે હાલના કામે રજુ થયેલ પુરાવાને બારીકાઇથી વંચાણે લેતાં પુરવાર થતું નથી. તેમજ આ કામના ફરીયાદી તથા સાહેદની સોગંધ ઉપરની જુબાની ઉપરથી અત્રેની અદાલત સમક્ષ પડેલા પુરાવાનું બારીકાઇથી મુલ્યાંકન કરતાં ફરીયાદ પક્ષ તે હકીકત શંકા રહીત પુરવાર કરી શકેલ નથી.

(૧૧) આમ, ઉપરોકત ચર્ચા કર્યા મુજબ ફરીયાદ પક્ષ આરોપીઓ સામેનો ગુનો શંકાથી પર સાબિત કરી શકેલ ન હોય મુદ્દા નં. ૧ નો જવાબ નકારમાં આપી મુદ્દા નંબર–૨ પરત્વેનો આખરી હુકમ નીચે મુજબ કરવામાં આવે છે.

**–:: હુ ક મ ::–**

(૧) આ કામના આરોપીઓને ક્રિમીનલ પ્રો. કોડની કલમ–૨૪૮(૧) અન્વયે ઇન્ડીયન પીનલ કોડની કલમની કલમ–૩૨૩, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ તથા જી. પી. એકટની કલમ–૧૩૫ મુજબના શિક્ષાપાત્ર ગુના સબબના કામે પુરતા પુરાવાના અભાવે નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આરોપીના જામીનખત આથી રદ કરવામાં આવે છે.

(૩) આ કામના આરોપીઓએ ક્રિ.પ્રો.કોડની કલમ ૪૩૭(એ) અન્વયે રૂ. ૫,૦૦૦/–ના અપીલ સમય સુધીના જામીન આપવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ રોજ તારીખ–૨૭, માહે–ફેબ્રુઆરી, સને–૨૦૨૩ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

ધાનપુર.
તારીખ–૨૭/૦૨/૨૦૨૩

(વિશાલ યોગેશભાઇ ત્રીવેદી)
મુખ્ય જે. એમ. એફ. સી. ધાનપુર
જજ કોડ નં. જી.જે. ૦૧૨૮૭